**મહેસાણાની મજુર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એમ.એમ.અગ્રવાલ સમક્ષ, મુ.મહેસાણા**

**રીકવરી (સી–૨) અરજી નં. ૫/૨૦૧૮**

**આંક–૩૨**

અરજદાર – અનારજી કાનાજી ઠાકોર,
રહે.બોરસણા, તા. જી.પાટણ.

**// વિરૂધ્ધ //**

સામાવાળા – નાયબ વન સંરક્ષકશ્રી,
વન વિસ્તરણ રેન્જ, રાજમહેલ રોડ,
રેલ્વે ફાટક પાસે, મુ.તા.જી.પાટણ.

**વિષય – ઔધોગિક વિવાદ ધારાની કલમ–૩૩–સી(૨) હેઠળ વસુલાત અરજી.**

**પ્રતિનિધિત્વ –**

અરજદાર તરફે – વિ.પ્રતિનિધિશ્રી આર.સી.પાઠક.
સામાવાળા તરફે – વિ.વકીલશ્રી પી.એ.ગાંધી.

**// હુકમ //**

**(૧)** અરજદારે આ રીકવરી અરજી આઈ.ડી.એકટની કલમ–૩૩(સી)(૨) હેઠળ દાખલ કરેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે અરજદાર સામાવાળા સંસ્થામાં સને–૨૦૦૧ થી ફરજ બજાવી રહેલ છે અને હાલમાં ચાલુ છે. સામાવાળા સંસ્થાને તા.૧૭/૧૦/૧૯૮૮ ના દોલતભાઈ પરમાર કમીટીના પરીપત્રની જોગવાઈઓ લાગુ પડે છે. આ પરીપત્ર મુજબ સંસ્થાએ નોકરીના નિયમો બનાવેલ છે અને તે મુજબ કામદારોને લાભ આપવામાં આવે છે. સદર પરીપત્ર મુજબ કામદારોને અઠવાડીક રજા, જાહેર તહેવારની રજા અને અન્ય રજાના લાભો આપવા બંધાયેલ છે પરંતુ સામાવાળાએ સને ૨૦૦૧ થી ૨૦૧૭ સુધી કોઈ લાભો આપેલ નથી. અરજદારે ૨૦૦૧ થી ૨૦૧૭ સુધી પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસની અખંડ કામગીરી કરેલ છે અને ઔ.વિ.ધારાની કલમ–૨૫(બી) મુજબ સળંગ સર્વિસ કરેલ

છે. અરજદારના સાથી કર્મચારીઓએ યુનીયન મારફતે ના.ગુજરાત હાઈકોર્ટમાં એમ.સી.એ. નં.૧૯૦૯/૧૪ ફાઈલ કરેલ હતી. સદર કેસ અન્વયે ના.હાઈકોર્ટે રજા પગારના નાણાં ચુકવી આપવા આદેશ આપેલ છે. ના.હાઈકોર્ટના હુકમ બાદ પણ સામાવાળાએ ૨૦૦૧ થી ૨૦૧૬ સુધીના રજા પગારના નાણાં ચુકવેલ નથી. અરજદારે સદર નાણાંની માંગણી કરતા સામાવાળાએ ગ્રાન્ટ આવશે તો ચુકવી આપીશુ તેમ જણાવેલ છે. સામાવાળાએ પ્રતિવર્ષ ૫૫ દિવસ લેખે વર્ષ–૨૦૦૧ થી ૨૦૧૭ સુધી ૧૭ વર્ષના ૧૭ x ૫૫ = ૯૩૫ દિવસના રજા પગારનો જે તે સમયનો દૈનિક દર રૂ.૧૪૨ પ્રમાણે અરજદારને કુલ ૯૩૫ દિવસનું રજાનું વેતન રૂ.૧,૩૨,૭૭૦/– બાકી લેણી નીકળે છે. સદર લેણી રકમ મેળવવા અરજદારે વારંવાર વિનંતી કરવા છતાં સામાવાળાએ ચુકવી આપેલ નથી. આમ સામાવાળા અરજદારને સદર રકમ ૧૨ ટકા વ્યાજ સહીત ચુકવી આપે તેવો હુકમ કરવા દાદની માંગણી કરેલ છે.

**(૨)** આ કામે અરજદાર તરફે આંક–૩ ના લીસ્ટથી નિ.૩/૧ થી સરકારશ્રીના તા.૧૭/૧૦/૮૮ નો પરીપત્ર તથા નિ.૩/૨ થી એમ.સી.એ. ૧૯૦૯/૧૪ નો ગુજ.હાઈકોર્ટના હુકમની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.

આ કામે અરજદાર તરફે આંક–૧૦ ના લીસ્ટથી નિ.૧૦/૧ થી સંસ્થા દ્વારા અરજદારની નિમણુંક તથા લાગુ પડતા સેવાના નિયમો અંગેનો પત્ર તથા નિ.૧૦/૨ થી રેફરન્સ નં.૧૧૨/૦૯ ના એવોર્ડની ઝેરોક્ષ નકલ રજુ કરવામાં આવેલ છે.

**(૩)** આ કામે સામાવાળાને આંક–૪ થી નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસ બજી જતા સામાવાળા તરફે વિ.વકીલશ્રી પી.એ.ગાંધી હાજર થયેલ છે. પરંતુ ત્યારબાદ સામાવાળાને હાજર રહેવા અનેક તકો આપવા છતાં સામાવાળા તરફે હાજર ન રહેતા અરજદારની આંક–૮ ની અરજી અન્વયે સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૪)** આ કામમાં આંક–૯ થી અરજદારની જુબાનીનુ સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. જેઓની ઉલટતપાસ સામાવાળાના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ છે.

આ કામે સામાવાળા તરફે આંક–૧૧ થી જવાબનો હકક રીઓપન કરવા અરજી આપેલ છે જે અરજી ગ્રાહ્ય રાખવામાં આવતા સામાવાળા તરફે આંક–૧૨ થી લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે જેમાં સામાવાળાએ અરજદારની અરજીનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે અને ખરી હકીકતમાં જણાવેલ છે કે નામ.સુપ્રિમ કોર્ટમાં સિવિલ કેસ નં.૫૩૨૧–૨૨/૨૦૨૩ ઈન એસ.એલ.પી.(સી.) નં.૧૩૬૧૯–૨૩/૨૦૧૨ કરવામાં આવેલ જે નામ.સર્વોચ્ચ અદાલતે તા.૯/૭/૨૦૧૩ થી ચુકાદો આપેલ તેમાં ના.વડી અદાલત અમદાવાદના તા.૨૯/૧૦/૧૦ના ચુકાદાને સુધારી વન વિભાગમાં માર્ગ અને મકાનના મરામત અને જાળવણી જોડે સંકળાયેલ મજુરો ઉપરાંત વન અને પર્યાવરણ વિભાગના તમામ પ્રકારની કામગીરી ઉપર ૫ વર્ષ કે તેથી વધુ સમયથી કામ કરતા તમામ રોજમદારોને માર્ગ અને મકાન વિભાગના તા.૧૭/૧૦/૮૮ ના ઠરાવ મુજબના સરખા લાભો આપવા હુકમ કરેલ. સદર હુકમ સામે રીવ્યુ પીટીશન દાખલ કરેલ જે તા.૨૯/૧/૧૪ ના રોજ રદ કરેલ. જેથી વન અને પર્યાવરણ વિભાગ હેઠળ ફરજ બજાવતા રોજમદારોને માર્ગ અને મકાન વિભાગના

તા.૧૭/૧૦/૮૮ ના ઠરાવ મુજબના લાભો આપવાનું તા.૧૫/૯/૧૪ ના ઠરાવથી ઠરાવવામાં આવેલ છે. ગુજરાત સરકારશ્રીના આ પરીપત્ર મુજબનું પાલન કરી પાત્રતા ધરાવતા તમામ રોજમદારોને તા.૧/૯/૨૦૧૪ થી બેંક ખાતામાં વેતનની રકમ જમા કરી વેતન ચુકવવામાં આવેલ છે તેમ જણાવી અરજદારની માંગણી નિયમ વિરૂદ્ધ હોઈ રદ થવાને પાત્ર છે તેમ જણાવેલ છે.

અરજદાર તરફે આંક–૧૫ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

**(૫)** આ કામે પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૬ ના લીસ્ટથી લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેમાં બીજા પક્ષકારની વિગત દર્શાવતુ પત્રક (આંક–૧૮), સરકારશ્રીના તા.૧૫/૯/૧૪ ના ઠરાવની શરત નં.૧ મુજબ કુલ ૬ વર્ષનો હુકમ (આંક–૧૯), નામ.સુપ્રિમ કોર્ટના એસએલપી–૭૨૨૯/૨૨ ના તા.૧/૯/૨૨ના ચુકાદા અન્વયે રજા પગાર ચુકવવા સિલક રજા મુજબ ચુકવવાની થતી ગણતરીનું પત્રક સાથે મે.ના.વ.સં.શ્રી પાટણનો પત્ર (આંક–૨૦), નામ.સુપ્રિમ કોર્ટના એસએલપી–૭૨૨૯/૨૨ ના તા.૧/૯/૨૨ના ચુકાદા અન્વયે ચુકવવાની થતી રજા પગારનું વાઉચર તેમજ રોજમદારની બાહેંધરી અંગેનું ફોર્મ ડીવીઝન કચેરીએ સાદર કરેલ પત્ર (આંક–૨૧), રોજમદારને ચુકવેલ નાણાં ઉધારેલ કેશબુકના ડોકેટની નકલ (આંક–૨૨) અને અરજદારનો મરણનો દાખલો (આંક–૨૩) વિગેરે દસ્તાવેજોની ઝેરોક્ષ નકલોનો સમાવેશ થાય છે.

**(૬)** આ કામે આંક–૨૪ થી અરજદાર તરફે વારસ જોડવાની અરજી રજુ કરેલ છે જે અરજી લગત હુકમ કરી મુળ અરજદારના પત્નિ ઈશાબેન અનારજી ઠાકોરને વારસદાર તરીકે જોડવાનો હુકમ કરવામાં આવેલ છે.

અરજદારે આંક–૨૫ ના દસ્તાવેજી લીસ્ટથી ગુજરનાર અરજદારનો મરણનો દાખલો તથા પેઢીનામુ તથા ઈશાબેન ઠાકોરના આધારકાર્ડ વિગેરે દસ્તાવેજોની ઝેરોક્ષ નકલો રજુ કરેલ છે જે દસ્તાવેજોને પાકા આંક–૨૭ થી ૨૯ આપવામાં આવેલ છે.

આ કામે સામાવાળા તરફે આંક–૩૧ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ બંને પક્ષકારોની દલીલો માટે મુકરર કરવામાં આવેલ છે.

**(૭)** અરજદાર તરફે વિ.વકીલશ્રી આર.સી.પાઠક દ્ધારા મૌખિકમાં દલીલો કરવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે અરજદારે રીકવરી અરજીમાં જણાવેલ હકીકતો પર, અરજદાર તરફે રજુ કરવામાં આવેલ લેખિત દસ્તાવેજી પુરાવા પર તેમજ સોગંદનામામાં જણાવેલી હકીકતો પર ભાર મુકેલ છે.

**(૮)** સામાવાળા તરફે વિ.વકીલશ્રી પી.એ.ગાંધી દ્ધારા મૌખિકમાં દલીલો કરવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે સામાવાળા સંસ્થાએ આ કામમાં રજુ કરેલ લેખિત જવાબમાં જણાવેલ હકીકતો પર તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવા પર ભાર મુકેલ છે.

**(૯)** બંને પક્ષકારોની દલીલો ધ્યાને લીધી. આ કામમાં નીચે મુજબના મુદ્દાઓ મારા ન્યાય નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

## // મુદ્દા //

**મુદ્દા નં.૧ –** શું અરજદાર આ રીકવરી અરજીમાં માંગ્યા મુજબની રકમ સામાવાળા પાસેથી મેળવવા માટે હકકદાર થાય છે કે કેમ?

**મુદ્દા નં.૨ –** શો હુકમ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

**જવાબ –**

(૧) હકારમાં.

(૨) છેવટના હુકમ મુજબ.

// **<u>કારણો</u>** //

**(૧૧) મુદ્દા નં.૧ –**

આ કેસનું સમગ્ર રેકર્ડ જોતા અરજદારનો કેસ એવો છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં સને–૨૦૦૧ થી ફરજ બજાવી રહેલ છે અને હાલમાં ચાલુ છે. સામાવાળા સંસ્થાને તા.૧૭/૧૦/૧૯૮૮ ના દોલતભાઈ પરમાર કમીટીના પરીપત્રની જોગવાઈઓ લાગુ પડે છે. આ પરીપત્ર મુજબ સંસ્થાએ નોકરીના નિયમો બનાવેલ છે અને તે મુજબ કામદારોને લાભ આપવામાં આવે છે. સદર પરીપત્ર મુજબ કામદારોને અઠવાડીક રજા, જાહેર તહેવારની રજા અને અન્ય રજાના લાભો આપવા બંધાયેલ છે પરંતુ સામાવાળાએ સને ૨૦૦૧ થી ૨૦૧૭ સુધી કોઈ લાભો આપેલ નથી. અરજદારે ૨૦૦૧ થી ૨૦૧૭ સુધી પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસની અખંડ કામગીરી કરેલ છે અને ઔ.વિ.ધારાની કલમ–૨૫(બી) મુજબ સળંગ સર્વિસ કરેલ છે. અરજદારના સાથી કર્મચારીઓએ યુનીયન મારફતે ના.ગુજરાત હાઈકોર્ટમાં એમ.સી.એ. નં.૧૯૦૯/૧૪ ફાઈલ કરેલ હતી. સદર કેસ અન્વયે ના.હાઈકોર્ટે રજા પગારના નાણાં ચુકવી આપવા આદેશ આપેલ છે. ના.હાઈકોર્ટના હુકમ બાદ પણ સામાવાળાએ ૨૦૦૧ થી ૨૦૧૬ સુધીના રજા પગારના નાણાં ચુકવેલ નથી. અરજદારે સદર નાણાંની માંગણી કરતા સામાવાળાએ ગ્રાન્ટ આવશે તો ચુકવી આપીશુ તેમ જણાવેલ છે. સામાવાળાએ પ્રતિવર્ષ ૫૫ દિવસ લેખે વર્ષ–૨૦૦૧ થી ૨૦૧૭ સુધી ૧૭ વર્ષના ૧૭ x ૫૫ = ૯૩૫ દિવસના રજા પગારનો જે તે સમયનો દૈનિક દર રૂ.૧૪૨ પ્રમાણે અરજદારને કુલ ૯૩૫ દિવસનું રજાનું વેતન રૂ.૧,૩૨,૭૭૦/– બાકી લેણી નીકળે છે. સદર લેણી રકમ મેળવવા અરજદારે વારંવાર વિનંતી કરવા છતાં સામાવાળાએ ચુકવી આપેલ નથી. આમ સામાવાળા અરજદારને સદર રકમ ૧૨ ટકા વ્યાજ સહીત ચુકવી આપે તેવો હુકમ કરવા દાદની માંગણી કરેલ છે.

જયારે સામાવાળા સંસ્થાનો કેસ એવો છે કે નામ.સુપ્રિમ કોર્ટમાં સિવિલ કેસ નં.૫૩૨૧–૨૨/૨૦૨૩ ઈન એસ.એલ.પી.(સી.) નં.૧૩૬૧૯–૨૩/૨૦૧૨ કરવામાં આવેલ જે નામદાર સર્વોચ્ચ અદાલતે તા.૯/૭/૨૦૧૩ થી ચુકાદો આપેલ તેમાં ના.વડી અદાલત અમદાવાદના તા.૨૯/૧૦/૧૦ના ચુકાદાને સુધારી વન વિભાગમાં માર્ગ અને મકાનના મરામત અને જાળવણી જોડે સંકળાયેલ મજુરો ઉપરાંત વન અને પર્યાવરણ વિભાગના તમામ પ્રકારની કામગીરી ઉપર ૫ વર્ષ કે તેથી વધુ સમયથી કામ કરતા તમામ રોજમદારોને માર્ગ અને મકાન વિભાગના તા.૧૭/૧૦/૮૮ ના ઠરાવ મુજબના સરખા લાભો આપવા હુકમ કરેલ. સદર હુકમ સામે રીવ્યુ પીટીશન દાખલ કરેલ જે તા.૨૯/૧/૧૪ ના રોજ રદ કરેલ. જેથી વન અને પર્યાવરણ વિભાગ હેઠળ ફરજ બજાવતા

રોજમદારોને માર્ગ અને મકાન વિભાગના તા.૧૭/૧૦/૮૮ ના ઠરાવ મુજબના લાભો આપવાનું તા.૧૫/૯/૧૪ ના ઠરાવથી ઠરાવવામાં આવેલ છે. ગુજરાત સરકારશ્રીના આ પરીપત્ર મુજબનું પાલન કરી પાત્રતા ધરાવતા તમામ રોજમદારોને તા.૧/૯/૨૦૧૪ થી બેંક ખાતામાં વેતનની રકમ જમા કરી વેતન ચુકવવામાં આવેલ છે તેમ જણાવી અરજદારની માંગણી નિયમ વિરૂદ્ધ હોઈ રદ થવાને પાત્ર છે તેમ જણાવેલ છે.

**(૧૧.૧)** હવે આ તબકકે સૌ પ્રથમ મારે એ નકકી કરવાનું છે કે શું અરજદાર આ રીકવરી અરજીમાં માંગ્યા મુજબની રકમ સામાવાળા પાસેથી મેળવવા માટે હકકદાર થાય છે કે કેમ? આ બાબતે જોઈએ તો એ નિર્વિવાદ હકીકત છે કે અરજદારે આ રીકવરી અરજી આઈ.ડી.એકટની કલમ–૩૩(સી)(૨) હેઠળ દાખલ કરેલ છે. આઈ.ડી.એકટની કલમ–૩૩(સી)(૨) હેઠળ દાખલ કરેલ અરજીમાં જે રકમની માંગણી કરવામાં આવેલ હોય તે રકમ બાબતે કામદારનો પ્રસ્થાપિત હકક હોવો જરૂરી છે. કામદારનો પ્રસ્થાપિત હકક હોય તો જ કામદાર આઈ.ડી.એકટની કલમ–૩૩(સી)(૨) હેઠળ દાખલ કરી શકે. આઈ.ડી. એકટની કલમ–૩૩(સી)(૨) હેઠળ જે રકમ બાબતે અગાઉ ન્યાય નિર્ણય થઈ ગયેલ હોય કે જે રકમ બાબતે સમાધાનથી રકમ નકકી થયેલ હોય તે જે રકમ સરકારશ્રીના પરીપત્ર કે નિયમના આધારે નકકી થયેલ હોય તેવી રકમ મેળવવા માટે જ આઈ.ડી.એકટની કલમ–૩૩(સી)(૨) હેઠળ રીકવરી અરજી દાખલ થઈ શકે. વિવાદીત રકમનો ન્યાય નિર્ણય કરવાની સત્તા આઈ.ડી.એકટની કલમ–૩૩(સી)(૨) હેઠળ મજુર અદાલતને પ્રાપ્ત થતો નથી. આઈ.ડી. એકટની કલમ–૩૩(સી)(૨) હેઠળ અરજદારે આ રીકવરી અરજી દાખલ કરેલ હોઈ અરજદારે આ રીકવરી અરજીમાં જે રકમની માંગણી કરેલ છે તે રકમ મેળવવા માટે અરજદાર નો પ્રસ્થાપિત હકક હોવાનું પુરવાર કરવું જરૂરી છે.

**(૧૧.૨)** એ નિર્વિવાદ હકીકત છે કે અરજદારે આ રીકવરી અરજીમાં સરકારશ્રીના તા.૧૭/૧૦/૮૮ ના દોલતભાઈ પરમાર કમીટીના પરીપત્રની જોગવાઈ મુજબ દાખલ કરેલ હોઈ અરજદાર આઈ.ડી.એકટની કલમ–૩૩(સી)(૨) હેઠળ આ રીકવરી અરજી દાખલ કરી શકે. પરંતુ અરજદારે આ રીકવરી અરજીમાં જે રકમની માંગણી કરેલ છે તે રકમ મેળવવા માટે આ પરીપત્ર હેઠળ અરજદાર હકકદાર છે તેવું અરજદારે પુરવાર કરવું જરૂરી છે. એ નિર્વિવાદ હકીકત છે કે સરકારશ્રીના તા.૧૫/૯/૨૦૧૪ ના પરીપત્ર અન્વયે વન અને પર્યાવરણ વિભાગના રોજમદારોને નામદાર સુપ્રિમ કોર્ટનું એસ.એલ.પી.(સી) નં.૧૩૬૧૯–૨૦/૨૦૧૨ ના તા.૯/૭/૨૦૧૩ ના ચુકાદા મુજબ માર્ગ અને મકાન વિભાગના તા.૧૭/૧૦/૮૮ ના ઠરાવ મુજબના લાભો આપવાનું ઠરાવવામાં આવેલ છે. આ ઠરાવમાં સરકારશ્રીએ એવુ જણાવેલ છે કે રાજયના વન અને પર્યાવરણ વિભાગ હેઠળ કામ કરતા રોજમદારોના લાંબા સમયથી પડતર પ્રશ્નો અને તેમની માંગણીઓ અંગે જુદાજુદા યુનિયનોએ નામદાર વડી અદાલત તેમજ નામદાર સુપ્રિમ કોર્ટમાં દાવાઓ કરી વન વિભાગમાં કામ કરતા રોજમદારોની સેવા નિયમિત કરી તેમને કાયમી કરવા અથવા માર્ગ અને મકાન વિભાગના તા.૧૭/૧૦/૮૮ ના ઠરાવના સરખા લાભો આપવા માંગણી કરેલ હતી. સ્પે.સી.એ. નં. ૮૬૪૭/૨૦૦૮ અને ૮૭૫૧/૨૦૦૮ નામદાર વડી અદાલત સમક્ષ ચાલી જતા નામદાર વડી

અદાલતે તા.૨૯/૧૦/૨૦૧૦ના ઓરલ જજમેન્ટમાં ગુજરાત સરકારના વન વિભાગમાં જુદી જુદી કામગીરી પર રોકવામાં આવેલ રોજમદારોને ગુજરાત સરકારના અન્ય ખાતાઓ જેવાકે માર્ગ અને મકાન વિભાગ નર્મદા જળ સંપત્તિ વિભાગ, જળ સંપત્તિ અને કલ્પસર વિભાગો ધ્વારા આપવામાં આવેલ લાભો જેવા સરખા લાભો આપવા એક સ્કીમ ઘડવાનો નિર્દેશ કરેલ. નામદાર વડી અદાલતના તા.૨૯/૧૦/૨૦૧૦ ના હુકમ સામે સરકારશ્રી તરફથી નામદાર સર્વોચ્ચ અદાલતમાં સિવિલ અપીલ નં.૫૩૨૧–૨૨/૨૦૧૩ ઈન એસ.એલ.પી.(સી) નં.૧૩૬૧૯–૨૦/૨૦૧૨ કરવામાં આવેલ. તેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે તા.૯/૭/૨૦૧૩ થી ચુકાદો આપેલ અને તેમાં નામદાર વડી અદાલતના તા.૨૯/૧૦/૨૦૧૦ના ચુકાદાને સુધારી વન વિભાગમાં માર્ગ અને મકાનના મરામત અને જાળવણી જોડે સંકળાયેલ મજુરો ઉપરાંત વન વિભાગના તમામ પ્રકારની કામગીરી પર પાંચ વર્ષ કરતા વધુ સમયથી કામગીરી કરતા તમામ રોજમદારોને માર્ગ અને મકાન વિભાગના તા.૧૭/૧૦/૮૮ ના ઠરાવ મુજબના સરખા લાભો આપવા હુકમ કરેલ. નામદાર સર્વોચ્ચ અદાલતના હુકમ સામે સરકાસશ્રી દ્બારા રીવ્યુ પીટીશન દાખલ કરવામાં આવેલ જે રદ કરવામાં આવેલ અને તેથી સરકાસશ્રી દ્બારા વન અને પર્યાવરણ વિભાગ હેઠળ ફરજ બજાવતા રોજમદારો કે જેઓ તા.૨૯/૧૦/૨૦૧૦ ના રોજ અને ત્યારપછી પાંચ વર્ષ કે તેથી વધુ ફરજ બજાવેલ હોય તેવા રોજમદારોને માર્ગ અને મકાન વિભાગના તા.૧૭/૧૦/૮૮ ના ઠરાવ મુજબના લાભો આપવાનું ઠરાવેલ. આ ઠરાવ મુજબ તા.૨૯/૧૦/૨૦૧૦ ના રોજ કે તે પછી ઔધોગિક વિવાદ ધારા અધિનિયમની કલમ–૨૫(બી) ની જોગવાઈઓ મુજબ જે કામદારો લાભ મેળવવા માટે હકકદાર થતા હતા તે તમામ કામદારોને લાભ આપવાનું ઠરાવવામાં આવેલ છે. આ ઠરાવ સરકારશ્રીએ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા અન્વયે આપેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટે જે ચુકાદો આપેલ છે તે ચુકાદાને જોવામાં આવે તો આ ચુકાદામાં પણ તા.૧૭/૧૦/૮૮ ના પરીપત્ર મુજબના લાભો મેળવવા માટે વન અને પર્યાવરણ વિભાગના જે રોજમદાર કામદારો હકકદાર થતા હોય તેને તા.૨૯/૧૦/૨૦૧૦ અને ત્યારપછી જયારે તેઓ આ લાભ મેળવવા માટે હકકદાર થતા હોય તે તારીખથી લાભો આપવાનું ઠરાવેલ છે. વન અને પર્યાવરણ વિભાગે તેઓના ત્યાં ફરજ બજાવતા રોજમદારોને સરકારશ્રીના તા.૧૭/૧૦/૮૮ ના પરીપત્ર મુજબના લાભો આપવા બાબતે જે ઠરાવ કરેલ છે તેમાં સ્પષ્ટપણે તા.૨૯/૧૦/૨૦૧૦ થી અને ત્યારપછી પાંચ વર્ષ કે તેથી વધુ ફરજ બજાવેલી હોય તેવા રોજમદારોને આ પરીપત્ર મુજબના લાભો મેળવવા માટે કામદારો હકકદાર થશે તેવું ઠરાવેલ છે.

**(૧૧.૩)** આ કામે હાલના સામાવાળાએ આંક–૧૬ ના દસ્તાવેજી લીસ્ટથી આંક–૧૮ થી અરજદારની હાજરીની વિગત દર્શાવતુ પત્રક રજુ કરેલ છે અને આ પત્રક જોતાં અરજદારે સળંગ પાંચ વર્ષ ૨૪૦ દિવસ કરતા વધુ દિવસની હાજરી પુર્ણ કરેલ છે.

આ કામે અરજદાર તરફે આંક–૧૦ ના દસ્તાવેજી લીસ્ટથી નિ.૧૦/૧ થી સામાવાળા સંસ્થાએ સંદર્ભ–૩ નો રીવાઈઝ હુકમની નકલ રજુ કરેલ છે અને આ હુકમ વંચાણે લેતાં તેમાં જણાવેલ છે કે અરજદાર વન વિભાગમાં તા.૦૧/૦૮/૨૦૦૪ થી રોજમદાર તરીકે કામ ઉપર

જોડાયેલા હતા. અરજદારની સેવા અંગેની વન વિભાગ, પાટણની કચેરીમાં ઉપલબ્ધ રેકર્ડ આધારીત ચકાસણી કરતા અરજદારે તા.૧૫/૦૯/૨૦૧૪ ના રોજ કુલ–૬ વર્ષમાં ૨૪૦ દિવસ કે વધુ દિવસ ફરજ બજાવેલ હોવાનું જણાયેલ છે. જેથી અરજદારને સરકારટીના વન અને પર્યાવરણ વિભાગના તા.૧૫/૦૯/૨૦૧૪ ના ઠરાવમાં શરત નં.૧ (એક) માં ઉલ્લેખ કર્યા મુજબના લાભો આપવાનું આથી હુકમ કરવામાં આવે છે. આમ ઉપરોકત દસ્તાવેજ ધ્યાને લેતા તેમજ સામાવાળા તરફે રજુ થયેલ હાજરીપત્રક ધ્યાને લેતાં અરજદારે ૬ વર્ષમાં ૨૪૦ દિવસ થી વધુ દિવસ ફરજ બજાવેલ છે અને આ હકીકત સામાવાળા સંસ્થાએ કબુલ રાખેલ છે. આ કામે આંક–૯ થી અરજદારનું પુરાવાના ભાગરૂપે સોગંદનામુ રજુ કરેલ છે. સામાવાળાના એડવોકેટ દ્વારા અરજદારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. આ ઉલટતપાસથી સામાવાળા તરફે કોઈ વિપરીત હકીકત બહાર લાવી શકેલ નથી. જયારે સામાવાળા સંસ્થા તરફે તેઓના લેખિત જવાબમાં જણાવેલી હકીકતોના સમર્થનમાં કોઈ મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

**(૧૧.૪)** આમ બંને પક્ષકારો તરફે રજુ થયેલ રજુઆત તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા અત્રેની અદાલત એ નિષ્કર્ષ પર આવેલ છે કે સામાવાળા સંસ્થાને સરકારશ્રીના તા.૧૭/૧૦/૧૯૮૮ નો પરીપત્ર લાગુ પડે છે તે બાબતની તકરાર લીધેલ છે. તેમજ અરજદારે રીકવરી અરજીમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકતોને અરજદારે દસ્તાવેજી પુરાવો રજુ કરીને પુરવાર કરેલ છે. અરજદાર ૨૦૦૧ થી સળંગ હોવા બાબતે કોઈ તકરાર નથી અને આ હકીકત સંસ્થા દ્વારા કબુલ કરવામાં આવેલ છે. અરજદાર ૨૦૦૧ થી નર્સરી મજુર તરીકે સંસ્થામાં કામગીરી કરતા હોય તે હકીકત સાચી છે. તે સંજોગોમાં અરજદાર કામદાર દ્વારા આંક–૧ થી દાખલ કરવામાં આવેલ અરજીને સોગંદનામાની હકીકતોથી પુરવાર કરેલ છે. સામાવાળાએ તેમના જવાબ તથા આ કામમાં રજુ કરેલ પુરાવા સબબ કોઈ સોગંદ પર પુરાવો આપેલ નથી. રોજમદાર કામદારને મળવાપાત્ર લાભ સંસ્થાને લાગુ પડતા પરીપત્રના આધારે મંજુર કરવાના હોઈ ત્યારે આવા લાભ મંજુર નહી કરવાનું કોઈ કારણ અરજદારને જે તે સમયે આપવામાં આવેલ નથી. ઔધોગિક વિવાદ ધારાની કલમ–૨૫(બી) પ્રમાણે કામદારની નોકરી સળંગ ગણવાને પાત્ર થતી હોવા છતાં અરજદારની હાજરીના દિવસો બાબતની કોઈ હકીકત તપાસવા સારૂ સંસ્થા તરફે અસલ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ ન હોઈ સામાવાળાની કોઈ રજુઆત ટકી શકવાને પાત્ર નથી. અરજદારે આ રીકવરી અરજી આઈ.ડી.એકટની કલમ–૩૩(સી)(૨) હેઠળ દાખલ કરેલ છે. અરજદાર સરકારશ્રીના પરીપત્ર મુજબના લાભો મેળવવા માટે હકકદાર હોઈ અને આ પરીપત્ર સામાવાળા સંસ્થાને લાગુ પડતો હોઈ અને સામાવાળા સંસ્થાએ અરજદારને સદર પરીપત્ર મુજબ રકમ ચુકવેલ ન હોઈ અરજદારે આ રીકવરી અરજી દાખલ કરેલ છે. સરકારશ્રીના પરીપત્ર મુજબ આ રીકવરી અરજીમાં માંગ્યા મુજબની રકમ મેળવવાનો અરજદારનો પ્રસ્થાપિત હકક છે અને આ પરીપત્ર મુજબ અરજદાર આઈ.ડી.એકટની કલમ–૩૩(સી)(૨) હેઠળ રીકવરી અરજી દાખલ કરવા માટે હકકદાર છે તેવું નામદાર ગુજરાત હાઈકોર્ટે ધીણોજ ગ્રામ પંચાયત વિ. હિતેન્દ્રભાઈ ચેલાભાઈ ચૌધરીના કેસમાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે લક્ષુભાઈ બાપુજીભાઈ કરમાડ વિ. પંચમહાલ ડિસ્ટ્રકટ પંચાયતના કેસમાં ઠરાવેલ છે. લઘુતમ વેતન ધારાની જોગવાઈઓ

ધ્યાન પર લેવામાં આવે તો પણ અરજદારે માંગેલ તમામ હકક મળવાપાત્ર છે અને તે માટે પણ રીકવરી અરજી થઈ શકે. તે જોતાં અરજદારે રીકવરી અરજીમાં જે રકમની માંગણી કરેલ છે તે મેળવવા માટે હકકદાર છે. અરજદાર તરફે રજુ થયેલ તા.૧૫/૯/૨૦૧૪ ના પરીપત્રને ધ્યાને લેતાં અને આ પરીપત્ર જે જજમેન્ટના આધારે પસાર કરવામાં આવેલ છે તેને ધ્યાને લેતાં સામાવાળા સંસ્થાને સરકારશ્રીનો તા.૧૭/૧૦/૮૮ નો પરીપત્ર લાગુ પડે છે તે સામાવાળા દ્વારા પણ કબુલ રાખવામાં આવેલ છે. આ પરીપત્રના આધારે અરજદાર આ રીકવરી અરજીમાં માંગ્યા મુજબની રકમ સામાવાળા પાસેથી મેળવવા માટે હકકદાર છે તેવું મારૂ સ્પષ્ટપણે માનવું છે અને તેથી મુદ્દા નં.૧ નો મારો જવાબ હું હકારમાં આપુ છુ અને તેથી આ કામમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

## – હુકમ –

(૧) અરજદારની રીકવરી અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળાએ અરજદારને પ્રતિવર્ષ ૫૫ દિવસ લેખે વર્ષ–૨૦૦૧ થી ૨૦૧૭ સુધી ૧૭ વર્ષના ૧૭ x ૫૫ = ૯૩૫ દિવસના રજા પગારનો જે તે સમયનો દૈનિક દર રૂ.૧૪૨ પ્રમાણે અરજદારને કુલ ૯૩૫ દિવસનું રજાનું વેતન રૂ.૧,૩૨,૭૭૦/– (અંકે રૂપિયા એક લાખ બત્રીસ હજાર સાતસો સીત્તેર પુરા) આ હુકમ થયેથી દિન–૩૦ માં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સામાવાળાએ ઉપરોકત સમય દરમ્યાનની રકમ ચુકવેલ હોય તો તે રકમ બાદ કરી બાકી રહેતી રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

મહેસાણા.

તા.૧૭/૦૩/૨૦૨૬

(મીમાંશા મહેશ અગ્રવાલ)
GJ01382
પ્રમુખ અધિકારી,
શ્રમ અદાલત, મહેસાણા.